# ડીસામાં પ્રેમી પંખીડા ઝડપાયા : યુવતી સગીર હોઈ યુવક સામે બળાત્કારની ફરિયાદ

ડીસા, તા. ૭

બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેરમાંથી એક યુવક સગીરાને લલચાવી ભગાડી ગયો હોવાની ફરિયાદ ડીસા ઉત્તર પોલીસમથકે નોંધાતા પોલીસે બંનેને ઝડપી પાડ્યા છે. જો કે સગીરાએ તેના પરિવાર સાથે જવાનો ઈન્કાર કરતા પોલીસે બંનેને કોર્ટમાં રજુ કરી વધુ તપાસ હાથ ધરી છે.



આ ઘટનાની વિગત જોઈએ તો બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેરના ટેકરા વિસ્તારમાંથી ૨૦ દિવસ અગાઉ એક યુવક સગીરાને લગ્નની લાલચ આપી દુષ્કર્મ કરવાના ઈરાદે ભગાડી ગયો હોવાની ફરિયાદ ઉત્તર પોલીસ મથકે નોંધાઈ હતી. જેમાં શિવનગર વિસ્તારમાં રહેતો અનીલ જેણુભા વાઘેલા નામનો શખ્સ લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરવાના ઈરાદે સગીરાને ભગાડી ગયો હતો. જેની જાણ થતા જ સગીરાના પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. પરંતુ બે દિવસ સુધી તેની કોઈ જ ભાળ ના મળતા તેની માતાએ ઉત્તર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી અને બાદમાં પોલીસે અઠવાડિયા અગાઉ ભગાડી જનાર યુવકના ભાઈની અટકાયત કર્યા બાદ આજે બંને પ્રેમી પંખીડાને પણ ઝડપી પાડ્યા હતા અને મેડિકલ તપાસ બાદ પોલીસે યુવક સામે અપહરણની સાથે દુસ્કર્મનો ગુનો નોંધ્યો છે. જો કે સગીરા સાથે પુછપરછ કરતા તેને તેના પરિવાર સાથે જવાનો ઈન્કાર કરી યુવક સાથે જ રહેવાનું જણાવતા પોલીસે બંનેને કોર્ટમાં રજુ કરવાની તજવીજ હાથ ધરી વધુ તપાસ હાથ ધરી છે. જેની વધુ તપાસ ઉત્તર પોલીસ ડીસાના આર.કે. પઠાણ દ્વારા ચલાવાય છે.

# અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં.૮ બિસ્માર

## માર્ગના ખાડા પુરવામાં નહિ આવે તો જન આંદોલન : લાખ્ખો રૂપિયાનો ટોલટેક્સ ઉઘરાવવા છતા માર્ગની હાલત ઉબડખાબડ






શામળાજી, તા. ૭

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના જાણીતા યાત્રાસ્થળ શામળાજીથી પસાર થતો અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પરથી રોજના હજ્જારો નાના-મોટા વાહનચાલકો અવરજવર કરતા હોવાથી નેશનલ હાઈવે ઓથોરીટી માટે આ માર્ગ સોનાના ઈંડા મુકતી મુરઘી સમાન છે. દરરોજ લાખ્ખો રૂપિયા ટોલટેક્ષ પેટે વાહનચાલકો પાસેથી વસુલવામાં આવતા હોવા છતાં આ માર્ગની મરામતના અભાવે અને વરસાદથી માર્ગ પર ઉંડા ઊંડા ખાડા પડી જતા અહીથી પસાર થતા વાહનચાલકોમાં અકસ્માતનો ભય સતત મંડરાયેલો રહે છે.

શામળાજી નજીક પડેલા ખાડાઓ જવાબદાર તંત્ર દ્વારા ઝડપથી સમારકામ નહિ કરવામાં આવે તો શામળાજીના નગરજનો ગાંધી ચિંધ્યા માર્ગે જનઆંદોલન કરવાની ફરજ પડશે.

નેશનલ હાઈવે નં. ૮ એટલે કે અમદાવાદ-ઉદેપુર માર્ગ પર આવેલા શામળાજી નજીક સતત વરસાદ વરસવાથી ઠેર ઠેર બે થી ત્રણ ફૂટ જેટલા ખાડાઓ પડી જતા માર્ગ ઉબડ-ખાબડ બની જતા અહીંથી પસાર થતા નાના-મોટા વાહનચાલકો ઊંટની પીઠ પર સવારી કરતા હોય તેવો ભયજનક અહેસાસની સાથે સાથે અનેક જગ્યાએ પડેલા ખાડાઓથી બચવા વાહનચાલકોએ તેમના વાહનો સર્પોકાર ચલાવવાની ફરજ પડતા વાહનોના મેઈન્ટેનન્સ અને ડીઝલ-પેટ્રોલમાં રૂપિયાનો ધુમાડો નીકળી જાય છે. અહીંથી પસાર થતા વાહનચાલકો પાસેથી હાઈવે ઓથોરીટીના ટોલબુથ દ્વારા દરરોજ લાખ્ખો રૂપિયાનો ટોલટેક્ષ ઉઘરાવવામાં જ રસ છે. હાઈવેની દુર્દશા અને સમારકામ પ્રત્યે આંખ આડા કાન કરતા વાહન ચાલકોની હાલત કફોડી બની છે.

શામળાજી નજીક પડેલા ૨ થી ૩ ફૂટ ઊંડા ખાડાથી અજાણ પસાર થતા વાહનચાલકો છાશવારે અકસ્માતનો ભોગ બની રહ્યા છે. શામળાજીના નગરજનોના જણાવ્યા મુજબ અહીંથી પસાર થતા ટુ-વ્હીવર અને થ્રી વ્હીલર વાહનચાલકો તો દરરોજ ખાડાઓમાં ખાબકતા અકસ્માતની ઘટના વારંવાર બનતી હોવાથી અને વાહનચાલકોના શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચતી હોવા છતાં પોલીસ ફરિયાદની પળોજણમાં પડતા નથી. વારંવાર ભોગ બનતા રાહદારીઓ અને વાહનચાલકો સાથે બનતી અકસ્માતની ઘટનાથી કંટઆળી જો હાઈવે ઓથોરીટી દ્વારા ઝડપથી ખાડાઓ પુરવામાં નહિ આવે તો શામળાજીના નગરજનો દ્વારા આગામી દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે.

# આવતીકાલે પાલનપુર માર્કેટયાર્ડનો ખરાખરીનો જંગ

## ગ્રામ્ય વિસ્તારમાં રાત્રે વિદેશી શરબતની મહેફિલ પણ જોરશોરથી થઈ રહી છે : રાજકીય સૂત્રો

પાલનપુર, તા.૭

પાલનપુર તાલુકા ની સહકારી સંસ્થા ઘી ખેતીવાડી ઉત્પન બજાર સમિતિ ના સંચાલક મંડળ ની ચૂંટણી આગામી સમય ૯ મી ઓગસ્ટ ના રોજ યોજાનાર છે. ત્યારે ભાજપ અને કોંગ્રેસ ના આગેવાનોની ગણાતી પેનલ વચ્ચે ખરાખરી નો જંગ જામ્યો છે.

પાલનપુર ખેતીવાડી ઉત્પન બજાર સમિતિ ના સંચાલક મંડળ ની ચૂંટણી માં વેપારી પેનલ ને બિનહરીફ જાહેર કરવામાં આવી છે.જયારે ખરીદ વેચાણ સંઘ વિભાગ ની ૨ બેઠકો માટે ૪ ઉમેદવારો અને ખેડૂત વિભાગ ની ૮ બેઠકો માટે ૧૭ ઉમેદવારો ચૂંટણી મેદાન માં ઉતર્યા છે.પાલનપુર માર્કેટયાર્ડ ની ચૂંટણી ને લઈને છેલ્લા એક માસ થી રાજકીય ઘમાસાણ ચાલી રહ્યું છે.જેમ-જેમ મતદાન ના દિવસો નજીક આવતા જાય છે તેમ-તેમ મતદારો ના ભાવ ઉચકતાં જાય છે.માત્ર એટલું જ નહિ માર્કેટયાર્ડ ની ચૂંટણી ને લઈને પાલનપુર પંથક ના ગ્રામ્ય વિસ્તારમાં વિદેશી શરબત ની મહેફિલ પણ રાત્રે જોરશોર થી ચાલી રહી હોવાનું રાજકીય સૂત્રો દ્વારા માહિતી પ્રાપ્ત થઈ રહી છે.જોકે રાજકારણ ના કાવાદાવા વચ્ચે પણ ,હજુ સુધી પાલનપુર માર્કેટયાર્ડ ની ચૂંટણી નું પરિણામ કોના તરફ છે તેવું કોઈ ચિત્ર સપષ્ટ થયું નથી. જેથી ચેરમેન પદ ના દાવેદાર ગણાતા પરિવર્તન પેનલ ના નેતા ફતાભાઈ ધારિયા અને ખેડૂત અને વેપારી હિતરક્ષક સમિતિ ના નેતા વીરજીભાઈ જુડાલ આ બંને આગેવાનો મતદારો ને પોતાની તરફ ખેંચવા માટે કાંટા ની ટક્કર જામી છે.જો કે બિનહરીફ થયેલી વેપારી પેનલ હાલમાં ચૂંટણી ના મહાભારત જંગ માં ગંધારી ની ભોમીક ભજવી રહયા છે ત્યારે હવે જોવાનું એ છે કે પાલનપુર માર્કેટયાર્ડ ની ચૂંટણી માં કેસરિયો રંગ લાગે છે કે પંજો કબજો જમાવે છે તે ચૂંટણી ના પરિણામ બાદ જ માલુમ પડશે.

# પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેન્ડ પાસે બસ ભુવામાં સરકી

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ બસ સ્ટેન્ડ પાસે રોડની વચ્ચે ભુવામાં બસ સરકી જતી મહામુસીબતે બસને અડધો કલાક બાદ બહાર કાઢવામાં આવી હતી.

પ્રાંતિજ નગરપાલિકા દ્વારા પીવાના પાણીની પાઈપલાઈન લીકેજ બાદ પુરાણ કામ બાદ પીચીંગ કરવામાં ન આવતા ખાલી સામાન્ય વરસાદી ઝાપટુ પડતાં ત્યાંથી પસાર થતી એસટી બસનો આગળનો ભાગ ભુવો પડતા અંદર સરકી ગઈ હતી અને મહામુસીબતે બસને અડધો કલાક બાદ બહાર કાઢવામાં આવી હતી. હાલમાં પ્રાંતિજમાં આવા હજુ કેટલાય ભૂવાઓ છે પણ તંત્ર દ્વારા પુરાણ કામ કર્યા પછી પીચીંગ કરવામાં ન આવતાં પ્રાંતિજમાં અનેક વાહન ચાલકો પોતાના વાહનો સાથે ભૂવામાં પડે છે. અને ઈજાઓ સહિત મોટુ નુકશાન સહન કરવાનો વારો આવે છે. ત્યારે આ ભુવાઓમાં તંત્ર દ્વારા સત્વરે પુરાણ કરાવવામાં આવે તો કેટલાય વાહન ચાલકો મોટુ નુકશાનીથી બચી શકે તેમ છે ત્યારે હાલ તો તંત્ર દ્વારા હોતા હે ચલતા હૈની સ્થિતિ છે.




# ચીખલીમાં મહિલાના ખેતરમાં પ્રવેશી ભાગ લેવા બાબતે ઝઘડો

હિંમતનગર, તા.૭

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ચીખલી ગામે શનિવારે ખેતરમાં ભાગ લેવા બાબતે આઠ જણાએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી રચી એક મહિલાના ખેતરમાં પ્રવેશી જાનથી મારી નાખવાની ધમકી આપી ઘાસ કાપી નાખ્યુ હતું. જે અંગે મહિલાએ આઠેય જણા વિરૂધ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ચીખલી ગામે રહેતા મોદણબેન રાજુભાઈ તરારના ખેતરમાં ગામના જ ઉજમાભાઈ પુંજાભાઈ તરાર, બકાભાઈ વસ્તભાઈ તરાર, કેશાભાઈ લાડુભાઈ તરાર, સવજીભાઈ ગોકળભાઈ તરાર, શ્રવણભાઈ બાબુભાઈ તરાર, દેવાભાઈ બકાભાઈ તરાર, દિનેશભાઈ રાવતાભાઈ તરાર અને રાવતાભાઈ લાડુભાઈ તરારે ભેગા મળી મોદણબેનના ખેતરમાં પ્રવેશી લીંમડાના ઝાડ પર ચઢી ગાળો બોલી તમારી જમીનમાં અમોને ભાગ આપો તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગે મોદણબેને આઠેય જણા વિરૂધ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.



## મેઘરાજાની મહેરથી મેઘરજ પંથકમાં ચેકડેમો ઉભરાયા

છેલ્લા બે ત્રણ દિવસથી સમગ્ર જિલ્લામાં મેઘરાજા મન મુકીને વરસવા લાગ્યા છે. અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં મેઘરાજાની સૌથી વધુ મહેર જોવા મળી છે. કેટલાક દિવસોથી મેઘરજ તાલુકામાં સારા એવા પ્રમાણમાં વરસાદ વરસ્યો છે. જેના લીધે તાલુકાના ખાલીખમ ચેકડેમોમાં પાણીની નવિન આવક થતાં ઘણા ખરા ચેકડેમો ઉભરાયા માંડ્યા છે. સતત પાણીની આવકને લીધે ચેકડેમોમાં પાણીનો સંગ્રહ થવા લાગ્યો છે જેના લીધે મેઘરજ પંથકના ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે.

# પ્રાંતિજના ફતેપુર આરોગ્ય કેન્દ્ર ખાતે મહિલા સશક્તિકરણ પખવાડિયુ ઉજવાશે

પ્રાંતિજ, તા. ૭

ગુજરાત સરકારના મહિલા સશક્તિકરણ અને બેટી બચાવો, બેટી પઢાઓના જાગૃતિ અભિયાન અંતર્ગત સાબરકાંઠા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના વડા ડૉ. મનીષ ફેન્સીની સૂચનાથી પ્રાંતિજ તાલુકાના ફતેપુર આરોગ્ય કેન્દ્રનો નનાનપુર, રામપુરા, દલપુર, કાટવાડ સહિતના ગામડાઓમાં ભવ્ય રેલીઓ બેનરો, વક્તૃત્વ સ્પર્ધાઓના આયોજનો મેડીકલ ઓફીસર ડૉ. નીશિત શાહના માર્ગદર્શન હેઠળ આરોગ્યની ટીમો દ્વારા કરવામાં આવ્યું હતું.

આગામી ૧૫મી ઓગષ્ટ સુધી બેચી બચાવો બેટી પઢાઓ અંતર્ગત ગામડાઓમાં બેનરો સાથે રેલી, વક્તૃત્વ સ્પર્ધા અને શાળા આરોગ્યની વિશેષ સમજો અને મહિલા સશક્તિકરણ અંતર્ગતના વિવિધ પ્રોગ્રામોનું આયોજન ડૉ. પ્રજાપતિ, શૈલેષ નાયી, આરોગ્ય કાર્યકરો મારફતે કરવામાં આવ્યુંછે. તેમજ મચ્છરો પેદા ન થાય, મેલેરીયા, ઝાડા-ઉલ્ટી સામેનો ત્વરીત પગલા મહિલા સ્તનપાન સહિતની વિશેષ સમજો આરોગ્યની ટીમો મારફતે અપાઈ રહી છે.

# અરવલ્લીની ગિરીમાળાઓના મંદિરોમાં ભારે ભીડ

અરવલ્લી, તા. ૭

પવિત્ર શ્રાવણ માસના પ્રથમ શનિવારે અરવલ્લીની ગિરિમાળાઓ તથા પ્રકૃતિની લીલીછમ ઘટાઓ વચ્ચે આવેલા અને અનેરા વાતાવરણમાં ભાટકોટા ગામની સિમમાં આવેલા અને ઉત્તર ગુજરાતમાં એક માત્ર પંચમુખી મહાદેવ અને પંચમુખી હનુમાનજીના મંદિરમાં શ્રાવણ માસમાં દર્શનાર્થે ભક્તોની ભારે ભીડ ઉમટે છે.

સમગ્ર ઉત્તર ગુજરાતમાં પંચમુખી હનુમાન તથા પંચમુખી મહેશ્વરનું એકમાત્ર મંદિર અરવલ્લીની ગિરીમાળાઓમાં ભાટકોટા ગામે આવેલુ છે. લોકોની માન્યતા મુજબ અને ગામલોકોના વડદાદાઓના જણાવ્યા અનુસાર આ મંદિર અતિ પ્રાચીન આશરે ૫૦૦ વર્ષ અગાઉ નિર્માણ પામેલુ છે. અરવલ્લીની ગિરિમાળાઓ તથા પ્રકૃતિની લીલીછમ ઘટાઓ વચ્ચે બિરાજતા પંચમુખી મહાદેવ અને પંચમુખી હનુમાનજીના દર્શનાર્થે શ્રાવણ મહિનામાં સમગ્ર ગુજરાતમાંથી દર્શનાર્થીઓ દર્શન કરવા માટે ઉમટી પડે છે.



ભાટકોટા ખાતે આવેલા પંચમુખી મહાદેવ અને પંચમુખ હનુમાનજી મંદિર પ્રાકૃતિક અને ધાર્મિક સમન્વયના પગલે લોકોમાં આસ્થા અને આત્મશાંતિ મેળવવાનું કેન્દ્ર બન્યું છે.

# જિલ્લા ટોબેકો કંટ્રોલ સેલની કાર્યવાહી તમાકુ અધિનિયમ એક્ટ હેઠળ ૬ દંડાયા

## પાલનપુર પશ્ચિમ પોલીસ અને કોટપાની કાર્યવાહીમાં શૈક્ષણિક સંકુલ આસપાસ તમાકુનું વેચાણ કરતા પાર્લર અને ગલ્લા પર કાર્યવાહી

પાલનપુર, તા. ૭

બનાસકાંઠામાં કંટ્રોલ એપી અને પોલીસના સંયુક્ત ઉપક્રમે શૈક્ષણિક સંકુલના ૧૦૦ વારની હદમાં તમાકુ વેચતા ૬ દુકાનદારો દંડાયા હતા. ૬ દુકાનદારોને ૨૦૦ રૂપીયા દંડ કરી ફરીથી તમાકુનું વેચાણ ન કરવાની ચેતવણી અપાઈ હતી.



ગુજરાત સરકારના આરોગ્ય વિભાગના હૂકમના ધજીયા ઉડાવી અને શાખા અને શૈક્ષણિક સંકુલ આસપાસ તમાકુનુ વેચાણ કરી વિદ્યાર્થીઓ તથા યુવાનોના આરોગ્ય અને ભાવિ સાથે ચેડા કરતા દુકાનદારો સામે બનાસકાંઠા જિલ્લા તમાકુ કંટ્રોલ સેલ દ્વારા લાલ આંખ કરી કાર્યવાહી કરાઈ રહી છે. શૈક્ષણિક સંકુલો અને જાહેરમાં ધુમ્રપાનની બદીને રોકવા બનાસકાંઠા જિલ્લા આરોગ્ય અધિકારી આચાર્યની સીધી સુચનાએ બ.કા. જિલ્લા તમાકુ કંટ્રોલ સેલના કાઉન્સેલર ભરત પ્રજાપતિ અને સોસીયલ વર્કર અનિલ રાવલે પાલનપુર પશ્ચિમ પી.આઈ. વ્યાસ અને સ્ટાફને સાથે રાખી પાલનપુર હાઈવે નૂતન હાઈસ્કૂલ તથા જી.ડી. મોદી કોલેજની આસપાસ તમાકુનું વેચાણ કરતા પાન-પાર્લરો સામે દંડની કાર્યવાહી કરી હતી અને કુલ ૬ પાર્લર-ગલ્લાના માલીકો પાસેથી ૨૦૦ રૂપીયા દંડ લેખે ૧૨૦૦ દંડ વસુલાયો હતો અને આ વિસ્તારમાં તમાકુનું વેચાણ નહી કરવાની તાકીદ કરી હતી.

# મોટીમોરી નાળ મેલાણા ફળીમાં ૧૫ ફૂટ લાંબો અજગર દેખાતા ભયનો માહોલ

મેઘરજ, તા. ૭

મેઘરજ તાલુકાના આદિવાસી વસતી ધરાવતા મોટીમોરી નાળ મેલાણા ફળીમાં રવિવારે સવારના સમયે અજગરે દેખા દેતા આ પંથકમાં ચકચાર મચી જવા પામી હતી અને વિસ્તારના લોકો અજગરને જોવા માટે દોડી આવ્યા હતા. ડુંગરોની વચ્ચે આવેલા મેલાણા ફળીમાં રવિવારે વહેલી સવારે નિત્યક્રમ મુજબ સ્થાનિક મોહનભાઈ સુકાભાઈ તરાર તેમના ખેતરમાં ખેતીના કામ માટે જઈ રહ્યા હતા ત્યારે તેમની નજર ખેતરમાં પડી રહેલા ૧૫ ફૂટ લાંબા અજગર ઉપર પડી હતી અને તેઓ ડરી જતાં બુમાબુમ કરી હતી. જેને કારણે આજુબાજુમાં વસવાટ કરનાર લોકો દોડી આવ્યા હતા અને ખેતરમાં પડી રહેલા અજગરને જોતા લોકો ગભરાઈ ગયા હતા અને ધીરે ધીરે આ વાત આખા વિસ્તારમાં વાયુવેગે પ્રસરી ગઈ હતી. જેના પરિણામે અજગરને જોવા માટે આસપાસના વિસ્તારના લોકો દોડી આવ્યા હતા.

આ ઘટનાની જાણ આ વિસ્તારના સ્થાનિક લોકોએ ફોરેસ્ટરને કરવા માટે પ્રયત્ન કર્યો હતો. પરંતુ ફોરેસ્ટર આર.કે. ડામોર ફોન રીસીવ કરવાનુ મુનાસીબ સમજ્યા ના હતા અને જેના કારણે આ વિસ્તારના લોકો ભયના માહોલ વચ્ચ ૧૫ ફૂટ લાંબા અજગરની દેખરેખ રાખી આખો દિવસ બેસી રહ્યા હતા. અજગર એ મહત્વનું વન્ય પ્રાણી છે. અને જો અજગર દ્વારા સ્થાનિક પ્રજાને હાની પહોંચાડશે અને લોકો દ્વારા અજગરને ઈજાઓ પહોંચાડાશે તો જવાબદારી કોની ગણવી તે એક યક્ષ પ્રશ્ન ઉભો થાય છે. ફોરેસ્ટર આર.કે. ડામોર દ્વારા ફોન રીસીવ ના કરવાથી લોકો કે અજગર માટે ખતરારૂપ સાબિત થઈ શકે તેમ છે.

આ અંગે મેઘરજ રેન્જ ફોરેસ્ટર આર.ડી. ડામોરનો સંપર્ક કરતા તેમણે જણાવ્યુ હતુ કે આજનો દિવસ અજગરને દેખરેખ રાખો આવતીકાલે અજગર પકડવા ટીમ બોલાવી તેને પકડી લેશુ. આવો ઉદ્ધતાઈ ભર્યો જવાબ આપતા લોકો નિઃશહાય બન્યા હતા.

## ગામ લોકો શું કહે છે ?

આ અંગે ગામ લોકોનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરતા લોકોએ જણાવ્યું હતું કે અમે વારંવાર ફોન કરવા છતાં ગોઢા રાઉન્ડ ફોરેસ્ટર આર.કે. ડામોરે ફોન ઉપાડ્યો ન હતો. જેનાથી આ વિસ્તારમાં વસવાટ કરનાર લોકો ભયના તાબા નીચે જીવી રહ્યા છે. જે પરથી સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે મેઘરજ ફોરેસ્ટ વિભાગ ઘોર નિંદ્રામાં પોઢી રહ્યુ હોય તેમ લાગી રહ્યું છે.

